મોડાસાના મેઢાસણ ગામે ગણેશ ચતુર્થીનો લોક મેળો ભરાયો

પાટીદાર પોલીસ દમનના વિરોધમાં ઊંઝા શહેરમાં મહિલાઓની રેલી યોજાઈ

ઊંઝા, તા. ૧૭

ઊંઝા શહેરમાં પોલીસ દમનના વિરોધમાં ખજૂરીપોળથી સરદાર ચોક સુધી મહિલાઓની એક મોટી રેલી નીકળી હતી.

પાટીદાર અનામત આંદોલનની રેલી બાદ ઊંઝા શહેરમાં તોફાનો ફાટી નીકળ્યા હતા. હિંસક ટોળાઓએ શહેરમાં પોલીસસ્ટેશન, પોલીસ ચોકીઓ, એસ.ટી. બસો, વેચાણવેરા કચેરી, પોસ્ટ ઓફિસ, તાલુકા પંચાયત કચેરી, ધારાસભ્ય કાર્યાલય, રેલવે ફાટકો વગેરે સરકારી સંપત્તિને મોટુ નુકશાન પહોંચાડ્યું હતું. આ સંદર્ભે લગભગ આઠ જેટલા વિવિધ ગંભીર પ્રકારના ગુનાઓ નોંધાયા હતા. તોફાનો દરમિયાન શહેરના કેટલાક વિસ્તારોમાં પોલીસે દમન ગુજાર્યુ હોવાની ફરિયાદો ઉઠી હતી. આમ પોલીસ દમનને લઈને વિરોધ વ્યક્ત કરવા માટે ગઈ રાત્રે શહેરમાં ખજૂરીપોળથી ગાંધીચોક થઈને સરદાર ચોક સુધીના વિસ્તારમાં મહિલાઓની રેલી કાઢવામાં આવી હતી. રેલીમાં જોડાયેલ મહિલાઓએ હાથમાં વેલણથી થાળીઓ વગાડીને સરકાર વિરૂદ્ધ સૂત્રોચ્ચાર કર્યો હતો.

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજમાં કોંગી ધારાસભ્યના ઘરે પાટીદાર મહિલાઓએ થાળી વગાડી અનામત માટે રજૂઆત કરી

સાબરકાંઠા જિલ્લા સહિત ગુજરાત ભરમાં પાટીદારો દ્વારા ઠેર ઠેર અનામતની માંગને લઈ વિવિધ કાર્યક્રમો રોજબરોજ યોજાઈ રહ્યા છે ત્યારે પ્રાંતિજ ખાતે પાટીદાર મહિલાઓ દ્વારા થાળીઓ વેલણ લઈ રેલી યોજી કોંગ્રેસના ધારાસભ્યના ઘરે પહોંચ્યા હતા. પ્રાંતિજ ત્રણ રસ્તા નેશનલ હાઈવે આઠ ઉપરથી એપ્રોચ રોડ ઉપર આવેલ ગજાનંદ સોસાયટી ખાતે પાટીદાર સમાજની મહિલાઓ દ્વારા ૧૬-૯-૨૦૧૫ને બુધવારના રોજ રાત્રીના ૯ કલાકે પ્રાંતિજ-તલોદના કોંગ્રેસના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાના ઘર સુધી પાટીદાર મહિલાઓ દ્વારા થાળીઓ ખખડાવી રેલી યોજવામાં આવી હતી. જેમાં પાટીદાર મહિલાઓએ અનામતની માંગ સરકાર સુધી પહોંચાડવા કોંગ્રેસના ધારાસભ્યના ઘરની બહાર થાળીઓનો રણકાર કર્યો હતો. જ્યારે પ્રાંતિજના મજરા ગામે પાટીદારો કોઈપણ રાજકારણીઓ, આગેવાનોએ ગામમાં પ્રવેશ કરવો નહી તેવા બોર્ડ મારી દેવામાં આવ્યા છે.

સાબરકાંઠાના ખેરોલ ગામે ગુરુવારે અનામતને લઈને પાટીદારોએ આજે સ્વચ્છતા અભિયાનનો બહિષ્કાર કર્યો હતો અને ગામના તમામ શૌચાલયોને તાળાબંધી કરી હતી. ઉપરાંત બેરોજગાર યુવાનોએ પોતાની માર્કશીટની પણ હોળી કરી હતી. આજે નરેન્દ્ર મોદીના જન્મ દિનની ઉજવણીને સ્વચ્છતા દિવસ તરીકે ઉજવણી થઈ રહી છે ત્યારે તલોદ તાલુકાના ખેરોલ ગામે પાટીદારોએ અનામતની માંગણીને લઈને સ્વચ્છતા અભિયાનનો બહિષ્કાર કર્યો હતો અને પાટીદારોએ ગામના તમામ શૌચાલયોને તાળાબંધી કરી હતી. તો બીજી તરફ ગામના બેરોજગાર યુવાનોએ પણ પોતાની માર્કશીટની હોળી પણ કરી હતી. સ્વચ્છતાના બહિષ્કારને લઈને આજે ગામ લોકોએ કચરો પણ વાળ્યો ન હતો અને રસ્તા પર પણ કચરો પડી રહ્યો હતો. આ કરવાનું કારણ માત્ર એક જ હતું કે પાટીદારોને જોઈએ છે અનામત અને તેને લઈને આ કાર્યક્રમ કરી વિરોધ દર્શાવ્યો છે. ગામના તમામ લોકો આજે શૌચક્રિયા કરવા બહાર ગયા હતા. **(તસવીર : દશરથ વણઝારા, તલોદ)**

મોડાસાના મેઢાસણ ગામે ગણેશચતુર્થીનો લોક મેળો ભરાયો

રિદ્ધિ સિદ્ધિ ગણપતિ મંદિરે દર્શનાર્થીઓ ઉમટ્યા

મોડાસા, તા. ૧૭

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના મેઢાસણ ગામે આવેલ અતિ પ્રાચીન અને મનોકામના પૂર્ણ એવા શ્રી રિદ્ધિ સિદ્ધિ ગણપતિ મંદિરે ગણેશચતુર્થી નિમિત્તે આજે હજારોની સંખ્યામાં ભક્તો ઉમટ્યા હતા અને વિઘ્નહર્તા દેવના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. જિલ્લામાં માત્ર મેઢાસણ ગણપતિ મંદિરે ગણેશચતુર્થીનો લોક મેળો ભરાતો હોવાથી જિલ્લાના ગણેશભક્તો દર્શનના લ્હાવાની સાથે લોકમેળામાં અબાલ, વૃદ્ધ સૌ કોઈ આનંદ મેળવતા નજરે ચઢતા હતા.

મેઢાસણ ગામમાં આવેલ શ્રી રિદ્ધિ સિદ્ધિ ગણપતિ મંદિરમાં આજુબાજુના ગામડાઓમાં તેમજ જિલ્લામાં અને મહારાષ્ટ્ર રાજ્ય સુધી જાણીતુ છે. મંદિરમાં દરરોજ અને ખાસ કરીને દરેક માસની સંકટ ચતુર્થી ધામધૂમથી ઉજવવામાં આવે છે. ગણેશચતુર્થીના દિવસે મોટી સંખ્યામાં

ભક્તજનો આજુબાજુના ગામડાઓમાંથી તેમજ શહેરમાંથી પગપાળા સંગ સાથે પહોંચી મંદિરે દાદાના દર્શન કરી ધન્યતા અનુભવે છે.

રિદ્ધિ સિદ્ધિ ગણપતિ મંદિરની પરંપરા અનુસાર વર્ષોથી અહિં મંદિરની આજુબાજુમાં ગુજરાતની સંસ્કૃતિની ઝાંખી કરાવતો ભાતીગળ મેળો ભરાય છે. આ મેળામાં મેઢાસણ પંથક અને આજુબાજુના અંદાજા ૪૦ થી વધારે ગામડાઓના લોકો મેળાનો લુક્ત ઉઠાવવા પહોંચી જાય છે. ખાસ કરીને બાળકોમાં આ ભાતીગળ મેળાની આતુરતાપૂર્વક રાહ જોતા હોય છે. મેળામાં ચકડોળ, ચકરડી જેવા રમતના સાધનો ગામડાઓમાં બાળકોમાં અનોખુ આકર્ષણ જમાવે છે. મેળામાં જીવન જરૂરીયાત વસ્તુઓ, રમકડા અને ખાણીપીણી બજાર ભરાય છે. જેમાં ગામના અને આજુબાજુના ગ્રામજનો ખાણીપીણીની લિજ્જત માણે છે અને બાળકો રમકડા ખરીદી મેળાનો આનંદ ઉઠાવે છે. અહિં ગણપતિ મહોત્સવ દસ દિવસ સુધી ઉજવવામાં આવે છે. આ દસ દિવસ દરમ્યાન ગામલોકો તેમજ આજુબાજુની જનતા દસ દિવસ સુધી ધામધૂમપૂર્વક ગણપતિ દાદાની ઉપાસના કરવાની સાથે ગણેશ ભગવાનની કથાઓનું રસપાન કરાવવામાં આવે છે. (તસવીર : જય અમીન, મોડાસા)

અરવલ્લી જિલ્લામાં ઠેર ઠેર ગણેશ પંડાલોમાં ગણેશ મહોત્સવનો પ્રારંભ

મોડાસા, તા. ૧૭

અરવલ્લી જિલ્લામાં ગણેશ ચતુર્થીની ઉજવણી સાથે ગણેશોત્સવ પર્વનો ભક્તિમય માહોલ સાથે ઉમંગભેર ઉજવણી કરવામાં આવી હતી. જિલ્લાના વિવિધ ગણેશ યુવક મંડળો દ્વારા અને ગણેશભક્તોએ ગુરૂવાર સવારથી વિઘ્નહર્તાની મૂર્તિનું જાહેર સોસાયટીના સ્થળોએ અને ઘરોમાં અને ધંધાના સ્થળોએ શ્રીજીની વાજતે ગાજતે ડી.જે.ના તાલે ગણેશ સ્થાપન કરાયા બાદ પૂજા-અર્ચના કરાઈ હતી. સમગ્ર જિલ્લાનું વાતાવરણ ભક્તિમય માહોલ સાથે ગણપતિમય બની ગયું હતું.

અરવલ્લી જિલ્લાના મોડાસા, બાયડ, ધનસુરા, વડાગામ, શામળાજી, ભીલોડા, માલપુર, મેઘરજ તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં ગણેશ યુવક મંડળો દ્વારા અને ગણેશભક્તો દ્વારા ગણેશચતુર્થીના દિવસે ગણપતિ બાપ્પા મોરિયાના જયઘોષ સાથે વિઘ્નહર્તાની મૂર્તિની સ્થાપન કરાયું હતું. જિલ્લાના ભક્તજનો દ્વારા પોતાના રહેઠાણ સ્થળોએ અને ધંધા રોજગારના સ્થળોએ ગણપતિદાદાની મૂર્તિઓનું સ્વીકારો) સહિતના મંત્રોચાર સાથે ષોડશોપચાર પૂજા વિધિ સાથે સ્થાપના કરી હતી. ગણેશ મહોત્સવ અરવલ્લી જિલ્લામાં ૧૦ દિવસ સુધી ગણેશ યુવક મંડળ દ્વારા વિવિધ ધાર્મિક

સ્થાપન કરી પૂજા અર્ચના કરી હતી. મહોત્સવના આયોજકો દ્વારા વાજતે ગાજતે મૂર્તિઓને ગણેશ આવયામી (આવો-પધારો) સ્થાપયામી (સ્થાપન ગ્રહણ કરી) અને પૂજયાની (પૂજન અને સાંસ્કૃતિક પ્રોગ્રામ, ભજન-કિર્તન અને ધાર્મિક સ્થળોની આબેહૂબ પ્રકૃતિઓનું નિર્માણ કરી ભક્તોને ધાર્મિક વાતાવરણ પુરૂ પાડશે. (તસવીર : જય અમીન, મોડાસા)

ભિલોડા તાલુકામાં ગણેશ મહોત્સવનો પ્રારંભ

ભિલોડા. તા.૧૭

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં ગણેશ સ્થાપન સાથે જીલ્લો ગણેશમય બની ગયો છે.ગણેશ મહોત્સવના પ્રારંભે ઠેર-ઠેર ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. વિઘ્નહર્તા, મંગલકર્તા ગણપતિ ગજાનંદ દેવની ભક્તિ આરાધનામાં લીન થવાનો તહેવાર આજે તા.૧૭ અને ગણેશ ચર્તુર્થીના દિવસથી પ્રારંભ થઈ જતાં સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા અને ગ્રામ્ય વિસ્તારોમાં ઠેર-ઠેર ગણેશજીની અવનવી મુર્તીઓની સ્થાપન વિધિ વિધાન પુર્વક કરતાં ભાવિક ભક્તો ગણેશમય બની ગયા હતા. ભિલોડામાં પ્રથમ દિવસે જ ગણેશજીનું સ્થાપન કરી ભાવિક ભક્તોએ પૂજા, અર્ચના, પ્રાર્થના, આરતી કરી પ્રસાદીરૂપે મોતીચુરના લાડવા અને ગણેશજીને પ્રિય એવા મોદકના લાડુનો ભોગ ધરાવી ભાવિક ભક્તો ગણપતી ગજાનંદના દર્શનાર્થે મોટી સંખ્યામાં ઠેર-ઠેર ભક્તો ઉમટી પડ્યા હતા.

વર્ગવિગ્રહને...

● અનુસંધાન પહેલાનું ચાલુ

મહાત્મા મંદિરમાં યોજાયેલા કાર્યક્રમમાં ખુલીને બહાર આવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિન નિમિત્તે શૌચાલય પુરા પાડવાના ક્ષેત્રમાં સારી કામગીરી કરનારી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓના સન્માન સમારંભના કાર્યક્રમમાં આનંદીબેને આંદોલનકારીઓને પરોક્ષ રીતે આડે હાથે લીધા હતા. આનંદીબેને કહ્યું હતું કે, આજના ૨૫-૩૦ વર્ષના યુવાનોને ખબર નથી પણ ૧૯૬૭, ૧૯૮૫ અને ૧૯૮૭માં થયેલા આંદોલનો બાદ શુ પરિણામ આવ્યું હતું તે અમે જોયું છે અને તેના માટે જ આજે શાંતિ અને એકતા ચાળવવા માટે સમાજના આગેવાનો ચિંતિત છે. સરદાર પટેલે રજવાડા એક કરીને દેશને એક કરવાનું કામ કર્યું હતું અને એના વંશજો તરીકે આપણે શું કરી રહ્યા છીએ. ગુજરાતમાં વર્ગવિગ્રહને કોઈ સ્થાન હોવું ન જોઈએ, શા માટે વર્ગવિગ્રહનો કોઈને અધિકાર મળે.

આનંદીબેન પટેલે વધુમાં જણાવ્યું હતું કે, જેનો જે અધિકાર છે તેને તે અધિકાર આપવાનું કામ સરકાર કરી રહી છે જેથી અન્યાયની વાતો પોકળ છે. કોને કયા પ્રકારનો અન્યાય થઈ રહ્યો છે તે કોઈ આવીને કહેતું નથી ને પડદા પાછળ હંબગ વાતો થાય છે. રાજ્યમાં શિક્ષણની વાત કરતા તેમણે ઉમેર્યું હતું કે, ઈજનેરીની જગ્યાઓ ખાલી રહેલ છે, મેડિકલની કુલ ૩૨૫૦ સિટો છે જેમાં દરેકને સિટ પ્રમાણે પ્રવેશ મળે છે. જો કોઈ ગરીબ વિદ્યાર્થી હોય તો અને તે ફી ન ભરી શકવાનો હોય તો સરકાર તેની ફી ભરવા તૈયાર છે, તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, જો કોઈ એડમિશનથી વંચિત રહી જતું હોય તો સરકાર નવી કોલેજો બનાવવા તૈયાર છે. આ વર્ષે ૮થી ૧૦ સાયન્સ અને કોમર્સ કોલેજ નવી બને છે ત્યારે આપણને ચિંતા હોવી જોઈએ કે આપણે બરાબર નથી કર્યું. ઉમિયા કેમ્પસમાં યોજાઈ પાટીદાર વડીલોની મોટી પાંચ સંસ્થાઓના ગુજરાતભરમાંથી વર્ગ વિગ્રહની જે ચર્ચાઓ આવી તેને ધ્યાનમાં લઈ વડીલોએ પાટીદાર યુવાઓ સાથે ચર્ચા કરી જણાવ્યું કે, જે સમાજમાં વર્ગવિગ્રહના જે એંધાણ આવી રહ્યા છે, એ ખોટા રસ્તે ન જાય અને સમાજ બદનામ ન થાય તે માટેની એક બેઠક યોજી હતી.

વરસાદની આગાહી

● અનુસંધાન પહેલાનું ચાલુ

સિસ્ટમ્સ ૧૯ (શનિવાર) સુધીમાં મધ્ય ગુજરાત અને લાગૂ વિસ્તારો ઉપર ફેલાશે. ૨૦ (રવિવાર)ના સૌરાષ્ટ્ર અને લાગુ કચ્છ તથા ગુજરાતના વિસ્તારો ઉપર ફેલાશે ત્યારબાદ આ સિસ્ટમ્સ ઉત્તર બાજુ રાજસ્થાન તરફ જાય તેવું અનુમાન છે. ડિપ્રેશન સિસ્ટમ્સ ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છના વિસ્તારોની ઉપર નજીક આવતી હોય પહેલા ૧૮ (શુક્રવાર)ના મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાત બાજુથી વરસાદ ચાલુ થશે ત્યારબાદ સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને કચ્છના વિસ્તારોમાં વરસાદ થશે. સિસ્ટમ્સ આધારિત વરસાદ હોય માત્ર દરેક વિસ્તારમાં અલગ અલગ રહેશે. જે મધ્યમ, ભારે અને અતિભારે સુધી રહેશે. મુખ્ય વરસાદ ૧૯થી ૨૧ થશે. સામાન્યરીતે સિસ્ટમ્સ સેન્ટરથી પશ્ચિમ અને દક્ષિણ બાજુ વધુ વરસાદ થતો હોય છે. ૨૦-૨૧ માટે વન્ડરગ્રાઉન્ડના વિંડ ફોરકાસ્ટના નક્શામાં આપેલ છે. અમુક વિસ્તારમાં વધીને ૩૦થી ૪૦ કિમીના પવનો રહેશે. હાલ ડિપ્રેશનની સિસ્ટમ્સ હોય હવામાનની માહિતી માટે ભારતીય હવામાન ખાતાની સૂચના પર નિર્ભર રહેવું. પાટનગર ગાંધીનગરમાં મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રી નોંધાયું હતું.

ડેન્ગ્યુનો કહેર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ફેલાવતા મચ્છરોના બ્રિડીંગ બાદ તંત્રએ પણ તેનું ત્રીજુ લોચન ખોલ્યુ છે અને પાંચેક સાઈટો પર નોટીસ ફટકારી હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ કેમ્પસમાંથી પણ મોટી સંખ્યામાં બ્રિડીંગ અગાઉ મળ્યા હતા જે ઉલ્લેખનીય છે. મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેરમાં મેલેરિયાના ૯૬ થી પણ પણ વધારે કેસ નોંધાઈ ચુક્યા છે.

શહેરમાં વધતા જતા વાહકજન્ય રોગચાળાને પગલે તંત્ર પણ હરકતમાં આવી ગયુ છે અને સર્વેલન્સની તેમજ એન્ટી લારવેલની કામગીરીને સઘન બનાવવામાં આવી રહી છે હોવાના સંકેતો મળ્યા છે.

શહેરની ખાનગી હોસ્પિટલોમાં ડેન્ગ્યુના કેસો મોટી સંખ્યામાં નોંધાઈ રહ્યા છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાંથી બી.જે. મેડીકલ કોલેજમાં પરીક્ષણ માટે મોકલાયેલ જુદા જુદા બ્લડ સેમ્પલો પૈકી છ કેસ અત્યાર સુધી પોઝીટીવ જણાયા છે. ગાંધીનગર શહેરમાં જે રીતે હવામાન પ્રવર્તી રહ્યુ છે તે મચ્છરોની ઉત્પત્તિ માટે વધુ સાનુકૂળ હોવાથી પણ કેસો વધી રહ્યા છે. આ ઉપરાંત ગાંધીનગર અમદાવાદ વચ્ચેના ઘનિષ્ટ વ્યવહારોને કારણે પણ કેસો મળી રહ્યાનું તંત્રનું માનવું છે.

ગણેશજીની શોભાયાત્રા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગણેશોત્સવ સમિતિના પ્રમુખ નિશિત વ્યાસ શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરુણ બુચ પુર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા ડો તેજલ દલાલ ઉપરાંત નગરના અગ્રણીઓ તેમજ ભાવિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.શોભાયાત્ર દરમિયાન બાળકો કૃષ્ણ, શિવ તેમજ ભગવાન ગણેશજીની વેશભુષામાં સજજ જોવા મળ્યા હતા. શોભાયાત્રાનુ સેકટરોમાં ઠેર ઠેર સ્વાગત કરવામાં આવ્યુ હતુ. ત્યારબાદ સે-૨૨ રંગમંચ ખાતે શ્રીજીની મુર્તિની વિધિવત સ્થાપના તેમજ પુજા વિધિ કરવામાં આવી હતી.નગરમાં સે-૬ ખાતે ભુવનેશ્વર યુવક મંડળ આયોજિત ગણેશોત્સવ અન્વયે પણ સેકટરના જયેશ બાબુભાઈ પ્રજાપતિના નિવાસ સ્થાનેથી ગણેશજીની ભવ્ય શોભાયાત્રા નિકળી હતી. શોભાયાત્રા દરમિયાન યુવાનો સહિત ભાવિકો ડી જેના તાલે ગરબે ઘુમ્યા હતા.સેકટરના માર્ગો સહીત અન્ય રૂટમાં શોભાયાત્રાનુ ભાવિકો દ્વારા સ્વાગત કરવામાં આવ્યુ હતુ. ત્યારબાદ સે-૬ ભુવનેશ્વર મહાદેવ મંદિર ખાતે શ્રીજીની મુર્તિનુ ભવ્ય સ્વાગત કરી સ્થાપના અને પુજાવિધિ કરવામાં આવી હતી.આ ઉપરાંત સમસ્ત બ્રહ્મસમાજ યુવા પાંખ દ્વારા પણ ગણેશોત્સવની ઉજવણી અન્વયે ભવ્ય શોભાયાત્રા યોજવામાં આવી હતી.સે- ૨૪માં કીરણભાઈ એસ ત્રિવેદીના નિવાસ સ્થાનેથી ભગવાન ગણેશજીની શોભાયાત્રા નિકળી હતી. જેમાં બ્રહ્મસાજના અગ્રણીઓ સહીત મોટી સંખ્યામાં ભાવિકો જાડાયા હતા. ભાવિકો દ્વારા નિયત રૂટમાં યાત્રામાં ઠેર ઠેર સ્વાગત કરવામાં આવ્યુ હતુ. જયારે બ્રહ્મભવન ખાતે શ્રીજીની સ્થાપના તેમજ પુજાવિધિ કરવામાં આવી હતી. સે- ૨ માં પણ ગણેશોત્સવ અન્વયે ભવ્ય શોભાયાત્રાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં બાબુભાઈ પટેલના નિવાસ સ્થાનેથી ભગવાનની ભવ્ય શોભાયાત્રાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં યુવાનો અને ભાવિકો મોટી સંખ્યામાં જોડાયા હતા.ત્યારબાદ ગણેશચોક ખાતે ભગવાનની સ્થાપના અને પુજા કરવામાં આવી હતી. સે- ૩ ડી ખાતે પણ શ્રીજીની ભવ્ય શોભાયત્રાના અંતે ગણેશજીની ભવ્ય મુર્તિની સ્થાપના કરવામાં આવી હતી. આ ઉપરાંત સિધ્ધિવિનાયક મિત્ર મંડળ દ્વારા શોભાયાત્રાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ.સેકટરમાં વગડાવાળી માતાના મંદિરમાં ભગવાન ગણેશજીની શોભાયાત્રાના અંતે મુર્તિની સ્થાપના કરવામાં આવી હતી. આ ઉપરાંત સે- ૧૭ અને સે-૨૪માં પણ ભગવાન ગણેશજીની ભવ્ય શોભાયાત્રાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ.વાવોલમાં પણ વિજય એપાર્ટમેન્ટ અને સાલ્વિક હોમ્સમાં શોભાયત્રાના અંતે ગણેશજીની સ્થાપના કરવામાં આવી હતી.

નાગરિકોમાં આક્રોશ.... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. જયારે ફુટપાથની આસપાસના વિસ્તારમાં યોગ્ય સફાઈ ન થતા નજર નાંખો ત્યાં ગંદકીના ઢગલા જોવા મળે છે. શહેરમાં ફુટપાથ નિર્માણની કામગીરીમાં તબક્કાવાર હાથ ધરાયેલી કામગીરી દરમિયાન કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. પરંતુ ફુટપાથ નિર્માણ બાદ તેની યોગ્ય જાળવણી ન થતા ઠેર ઠેર ગાબડા જોવા મળી રહયા છે. નગરના માર્ગોની સાથે ફુટપાથની પણ યોગ્ય જાળવણી થાય તે જરૂરી હોવાની માંગ સાથે નગરજનોમાં પણ ફુટપાથની કંગાળ હાલતના લીધે રોષ પ્રવર્તયો છે.

તન તંદુરસ્તી (ચોથા પાનાનું ચાલુ...)

કેમ? મુકેશભાઈના દીકરાને ૭ દિવસથી તાવ આવતો હતો. **Paracetamol** થી તાવ ઓછો થઈ જતો. અને તેની અસર નાબુદ થઈ ફરી તાવ આવતો. **CBC Count** માં **Eosinophil** ૦ ટકા આવે, શ્વેત કણ પણ ઓછા આવે. જંતુ વધારે **Detail** માં જતાં **Widal** નામનો ટેસ્ટ કરાવ્યો અને **Blood** નું **Culture** કરાવ્યું. જેનું નિદાન થયું **Entric Fever** એટલે કે **Typhoid. Band Cell** શું છે? જે **Bone Marrow** (હાડકાંના મજ્જામાં) **Bone Marrow** શરીરમાં કોઈ પણ જંતુ નો ચેપ જલ્દી જલ્દી **White Cell** મજ્જામાંથી લોહીની નળીમાં ફેંકે છે અને તે પરિસ્થિતિ વધારે પડતા જંતુને ચેપ એવું સાબિત કરે છે. સામાન્ય રીતે ૦ ટકાથી ૨ ટકા **Normal Range** છે. એના કરતા વધારે દેખાય તો તે જંતુનો ચેપ દર્શાવે છે. સામાન્ય રીતે બાળકોમાં **Band Cell** નું મહત્ત્વ વધારે હોય છે. **Platelate** (ત્રાક કણ) જેની **Normal Range** ૧, ૫૦,૦૦૦ થી ૫, ૦૦, ૦૦૦ સુધી હોય છે. સવાલ એ થાય કે આ લેબોરેટરી વાળા ૧, ૫૦, ૦૦૦, થી ૫, ૦૦, ૦૦૦ ગણતાં કેવી રીતે હશે. જેના માટે સારુ**Cell Counter** હોવું ખુબ જ જરુરી છે. **Cell Counter** બે પ્રકારના હોય છે. એક **Three Part** અને બીજું છે **Five Part**, માં **Three Part** એટલે **D.C.** એટલે **(Dif. Count)** બધા આવતા નથી અને સચોટપણે આવતા નથી જયારે **Five Part**, માં **D.C.** એટલે **(Dif. Count)** લગભગ સાચા જ હોય છે. એટલે લેબોરોટરીમાં ટેસ્ટ કરતી વખતે તમારો ટેસ્ટ કયાં **Cell Counter** પર થયો છે. એ જાણવું તમારા માટે જરુરી છે. **Platelate** કોઈ પણ વાઈરલ ઈન્ફેકશનમાં ઘટી જાય છે. ૨૦, ૦૦૦ થી નીચે **P.C.** થતાં શરીરમાં રોગ પ્રતિકારક શક્તિ એકદમ ઘટી જાય છે. માટે જ દર્દીને ખાસ સલાહ આપવામા આવે છે. **A.C.** વાળા વાતાવરણમાં રાખવો અને એકલો બને તો રાખવો. **Dengue**માં આવી જ પરિસ્થિતિ છે. વધારે પડતું પ્રવાહી લેવાથી **A.C** ઝડપથી ઉપર આવી શકે છે. **Platelate Count** વધારે શેમાં હોય તો કોઈક કેસમાં જંતુના ચેપ સાથે **Platelate Count** વધતો હોય છે. હવે વારો છે રક્ત કણનો (લાલ કણનો) લાલ કણ ઉપર તો ઘણું બધું લખાય **Pathology** ની નીવ આખી રક્ત કણો ઉપર ઉભેલી છે. ઘણું આગળ કોઈ વખત આના વિશે પછી ચર્ચા કરીશું. પણ અહીંયા એટલું જ કહીએ. લાલ કણની **Normal Range** ૪.૫ ટકા થી ૬.૫ ટકા છે. રક્તકણો શરીરમાં ઓછા હોય તો રોગપ્રતિકારક શક્તિ એકદમ ઓછી થઈ જાય છે. જેને એનેમીયા કહેવાય. જુદા જુદા રોગમાં લાલ કણો ના **Shape, Size** બદલાતી રહે છે. જેના ઉપરથી મોટા મોટા નિદાન થાય છે. જેમ કે **Red Cell**માં જો આયર્ન હોય એટલે કે ખાલી દેખાતાં **Red Cell**. મોટા થઈ ગયેલા **Red Cell** જેને **Macrocytosis** કહેવાય. જેનું નિદાન છે. **B-12** નામના **Vitamin** ની ખામી, **Target cell** જો દેખાતાં હોય તો આયનની ઉણપ અથવા તો **Thalasemia** (થેલેસીમીયા) નામનો રોગ પણ હોઈ શકે. **Polycrometicphilia** જો એક કરતાં જુદા જુદા આછા અને ઘાટા **pink (Polycrometicphilia)** કલરના તે પણ **Hemolitic Anemia** દર્શાવે છે.

- આમ **CBC** એ **Pothology** ની ગીતા કહી શકાય જેને વાચતા જાવ અને નવા નવા નિદાન કરતા જાઓ. અમે તો લખીએ છીએ. તમે પુછો વધારે જાણવ માટે ગાંધીનગર સમાચાર પર પત્રવ્યવહાર આવકાર્ય છે આપણો જવાબ અવશ્ય મળશે.

મેડીકલ કોલેજોમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રાજ્યની પાંચ મેડિકલ કોલેજો સહિત ડેન્ટલ કોલેજોમાં મેડિકલ પ્રવેશ સમિતિના મોનિટરિંગ હેઠળ અત્યાર સુધી ભરાયેલા ફોર્મનું મેરિટના આધારે આવતીકાલથી રૂબરૂ કાઉન્સિલિંગની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. રાજ્યમાં મેડિકલ અને ડેન્ટલની મળી કુલ ૧૨ કોલેજોમાં એનઆરઆઈ ક્વોટાની ૩૨૬ બેઠકો ઉપલબ્ધ છે. આ બેઠકો પર મેરિટના આધારે ઉમેદવારોને પ્રવેશ આપવામાં આવશે. વિદ્યાર્થીઓને સવારે નવ કલાકે અને સવારે ૧૦.૩૦ કલાકે બે ભાગમાં પ્રવેશ કાર્યવાહી માટે બોલાવવામાં આવ્યા છે જ્યારે એનઆરઆઈ ક્વોટા સિવાયની અન્ય બેઠકો પર રિસફલિંગની કાર્યવાહી આગામી ૨૧મી સપ્ટેમ્બર બાદ શરૂ કરવામાં આવશે. આ પ્રવેશ પ્રક્રિયાને લગતી તમામ માહિતી ઉમેદવારો વેબસાઇટ પરથી મેળવી શકશે.

ગુજરાત મેડીકલ સર્વિસીસ કોર્પોરેશન લીમીટેડ

રજી. ઓફીસ : બ્લોક નં.૧૪/૧, ડો. જીવરાજ મહેતા ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર - ૩૮૨૦૧૦

ટેન્ડર નોટીસ નં.૧ /જીએમએસસીએલ/૨૦૧૫-૧૬

અત્રેના કોર્પોરેશનના તથા કોર્પોરેશન હસ્તકના ગોડાઉન નં. ૮/એ -૧૦/એ, મોર્ડન ઓર્ગેનાઈઝેશન, એફસીઆઈ ગોડાઉન કોમ્પલેક્ષ, બાલાજી કુટીર પાસે, કલોલ સાબરમતી હાઈવે, અડાવજ, જી. ગાંધીનગર ખાતેના ૧૩ જેટલા એ.સી. મશીન (સ્પ્લીટ - વિન્ડો)ના વાર્ષિક જાળવણી કરાર (સ્પેર પાર્ટસના ભાવ અલગથી આપવા) માટેના ભાવ આપના લેડરપેડ ઉપર સીલબંધ કવરમાં તારીખ : ૨૮/૯/૨૦૧૫ સુધી આ કાર્યાલયને મળી રહે તે રીતે મંગાવવામાં આવે છે. કવર ઉપર 'એ.સી. મશીનના વાર્ષિક જાળવણી કરારનું ભાવપત્રક' એમ અચુક લખવાનું રહેશે.

માહિતી/૧૫૦૪/૨૦૧૫-૧૬ ડેપ્યુટી જનરલ મેનેજર (એડમીન)

ખેતી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય

કૃષિ ભવન, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર

ઝેરોક્ષ તેમજ સ્પાઈરલ બાઈન્ડીંગની કામગીરીના ભાવ કરાર બાબત

ખેતી નિયામકશ્રી, ગુ.રા., ગાંધીનગરની કચેરીની ઝેરોક્ષની કામગીરી માટે કચેરી ખાતે ઝેરોક્ષ મશીન મુકીને વાર્ષિક ધોરણે પ્રતિ કોપીના દરથી કોપીવાઈઝ ઝેરોક્ષ માટે ટેન્ડર મંગાવવામાં આવે છે. રસ ધરાવતી પાર્ટીઓએ જાહેરાત પ્રસિદ્ધ થયેથી રૂ. ૫૦૦/- (નોન રીફંડેબલ) ટેન્ડર ફી ઉપરોક્ત કચેરીની નાણાં શાખામાં રોકડા ભર્યેથી તા. ૯/૧૦/૨૦૧૫, સમય ૧૧-૦૦ થી ૧૮-૦૦ કલાક દરમિયાન સુધી કોરા ટેન્ડર ફોર્મ મળી શકશે. ટેન્ડર ફોર્મ પરત સ્વીકારવાની છેલ્લી તારીખ : ૧૩/૧૦/૨૦૧૫ સાંજે ૧૮.૦૦ કલાક સુધી પોસ્ટ / રજીસ્ટર એ.ડી.થી મળેલ ભાવ પત્રક જ સ્વીકારવામાં આવશે. ટેન્ડર ફોર્મના કવર ઉપર 'ઝેરોક્ષ તેમજ સ્પાઈરલની કામગીરીના ભાવ કરાર માટેનું ટેન્ડર' એમ અવશ્ય લખવાનું રહેશે.

સહી/-
ખેતી નિયામક
માહિતી/૧૫૧૩/૨૦૧૫-૧૬ ગુ. રા., ગાંધીનગર